## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

'બેફામ' તોય કેટલું થાકી જવું પડયું,
નહીંતર જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.

### પાથેય

- રમેશ ઠક્કર

## દુનિયાસે જાને વાલે...

એવું કહેવાય છે કે જાતીયતા, ભુતપ્રેત,અને મૃત્યુ એ વિષયો ઉપર બહુ ચિંતન ના કરવું...કેમકે એમાં કોઇ અંત નથી એનું કોઇ સમાધાન નથી..ઇશ્વરે આ ગહન બાબતો આપણા ગજા બહાર મુકી છે..અને એટલે જ એમાં બહું ઉંડા ઉતરવામાં ડહાપણ નથી..

પહેલા બે વિષયો માણસે નીતિશાસ્ત્ર અને વિજ્ઞાન થકી અમુકઅંશે ઉકેલ્યા છે..પણ મૃત્યુ અને એનું રહસ્ય એ હજુપણ વણઉકેલ્યો કોયડો છે..અત્યંત વિરલ અને પ્રતિભાસંપન્ન માણસોની જીવાદોરી કેમ ટુંકી હશે ? જગતમાં એવી વ્યકિતઓ ઝડપથી કેમ ચાલી જતી હશે? એ નવાઇપ્રેરક લાગે છે..

આજીવન બ્રહ્મચારી તેજસ્વી વિવેકાનંદ માત્ર ઓગણચાલીસ વર્ષે વિદાય લે એ વિસ્મય જેવું લાગે છે..ગુજરાતી ભાષાને 'અસ્મિતા ' જેવો શબ્દ આપનાર અને ગુજરાતી સાહિત્ય પરિષદ ના સ્થાપક રણજીતરામ વાવાભાઇ મહેતા માંડ ત્રણ દાયકા જેટલું જીવ્યા..

'અગત' નામે કાવ્યસંગ્રહ જેમણે આપ્યો અને જે સીમાચિન્હરૂપ છે એવા કવિ એટલે રાવજી પટેલ... એમણે 'આભાસી મૃત્યુનું ગીત' લખ્યું જે અમર છે..'રે અજવાળાં પ્હેરી ઉભા શ્વાસ..મારી આંખે કંકુના સૂરજ આથમ્યા..'અદભુત કાવ્ય છે....આ કવિ જીવ્યા માત્ર અઠ્ઠાવીસ વરસ... ક્રિકેટ ના ભિષ્મ પિતામહ જામ રણજી પણ જલદી જતા રહ્યા હતા. 'કલાપી' જે ગુજરાતી કવિતાનું શીખર છે..જીવ્યા માત્ર છવ્વીસ વર્ષ પણ કવિતાઓ આપી મબલખ...'જાનેં ચલે જાતે હૈ કહાં દુનિયા સે જાને વાલે...' એવું ગીત ગાનાર મુકેશની એકઝીટ પણ આકસ્મિક હતી..

દરેક ક્ષેત્રમાં આવાં ઉદાહરણ છે. શ્રીમદ્ રાજચંદ્ર અગાધ જ્ઞાનનો ભંડાર બત્રીસ જ વરસનું અલ્પાયુ..સુભાષચંદ્ર બોઝ અચાનક જ અલવિદા..અસંખ્ય પ્રતિભાઓ છે જે થોડુંક વધુ જીવ્યા હોત તો જગત ચોક્કસ વધારે સમૃધ્ધ થયું હોત..

બાજીરાવ પેશ્વા જે પોતાની જિંદગીમાં યોધ્ધા તરીકે એકપણ યુધ્ધ હાર્યા ન હતા... ત્રીસ વરસે તેજલિસોટાની માફક વિલીન..કહેવાય છે કે વધુ જીવ્યા હોત તો ભારતનો ઇતિહાસ જુદો હોત..જ્હોન મેકમર્ડો નામે અંજારનો અંગ્રેજ રેસીડન્ટ જેણે કચ્છની કલા અને સંસ્કૃતિ નો ઇતિહાસ ઉકેલ્યો અત્યંત મેધાવી પણ ત્રીસ જ વર્ષ જીવ્યો... મરણ હંમેશાં ગહન વિષય રહ્યો છે..

આપણે ત્યાં એવું કહેવાય છે કે માણસ કેટલું જીવ્યો એ મહત્વનું નથી પણ એ કેવું જીવ્યો એ મહત્વનું છે... જીવનઆકાશમાંથી ઝબકીને અચાનક ખરી પડતા તારલાઓની વિદાય વિસ્મયકારક જ નહિં વસમી પણ હોય છે...આમ તો જીવન પોતે જ રહસ્યમય છે. એનું ગંતવ્યબિંદુ મૃત્યુ જ હોવા છતાં કેટકેટલી પળોજણો હોય છે..!

# નોટો ઉડાવવાની પ્રથા અયોગ્ય છે

### તંત્રીસ્થાનેથી...

ઉત્સવપ્રિયાઃ ખલુ જનાઃ ॥ આપણો કવિ મનીષી કહી ગયો છે તે કબૂલ મંજૂર. લોકને ઉજવણી કરવી ગમે છે. પછી તે ધાર્મિક પ્રસંગની હોય, જન્મદિવસ કે લગ્નપ્રસંગ કે એનિવર્સરી હોય, પુણ્યતિથિ હોય કે કોઈ પણ વિજયપર્વ હોય. હોળી, દિવાળી, શિવરાત્રી, જન્માષ્ટમી, નવરાત્રી, દશેરા, ગણેશોત્સવ કે નાતાલ, ઈદ, મહાવીર જયંતિ, પર્યુષણ પર્વ... લોકોને કોઈને કોઈ નિમિત્ત ખપે છે જયારે તે પોતાની તમામ રોજિંદી પળોજણો વીસરી જઈ ઉત્સવના માહોલમાં પરોવાઈ હળવાશ અનુભવે. જિંદગીના સ્ટ્રેસ સામે આ કુદરતી પ્રતિકાર વ્યવસ્થા છે. સંસ્કૃતિ સાથે એ વિકસતી ગઈ છે અને એમાં જ માનવજીવન મૃત્યુને અવશ્યંભાવી હોવા છતાં ઉપેક્ષી શકે છે. સૌરાષ્ટ્ર તો લોકમેળા અને ડાયરાઓનો દેશ. ભગવાન કૃષ્ણ એમની મથુરા છોડીને આ પ્રદેશમાં વસવાટ કરવા આવ્યા હશે ત્યારે એમની ગોકુળ-વૃંદાવનની રાસલીલાની રમઝટ પણ સાથે લઈ આવ્યા હશે. એમની સાથે હિજરત કરીને આવેલી પ્રજા પણ એના ઉત્સવ સંસ્કારોને અકબંધ રાખીને જીવે તે સ્વાભાવિક છે. વળી બહારથી આવેલી સીદી જેવી પ્રજાઓ, ગ્રીકો, શકો, કુશાણો, હૂણો અને તુર્કો એમની સાથે ઓતપ્રોત થયાં. આમ આપણો સૌરાષ્ટ્ર પંથક દેશના અન્ય વિસ્તારોની સરખામણીમાં વધુ ઉત્સવઘેલો બની રહ્યો છે. એના ગિરાસદારોથી લઈ નાનાં-મોટા રજવાડાં અને બે પ્રકારના 'બાપુઓ' પણ આ ઉત્સવ ઘેલાના પોષાક બની રહ્યા છે. સૌરાષ્ટ્રમાં સંત મહંતને અને રાજા-રજવાડાં-જાગીરદારો-દરબારોને 'બાપુ' કહેવાની પ્રથા છે. હવે તો 'બાપુ' કરતાં 'પટેલ બાપા' ઘણા આગળ નીકળી ગયા છે. એમને રૂપિયાની ચરબી ચડી છે, એનું પ્રદર્શન સતત કરતા રહે છે. કદરદાન બાપુઓ અને બાપાઓ હવે પ્રસંગો પર હોળીથી લઈ ડાયરાના કલાકારો પર ચલણી નોટોનો વરસાદ વરસાવતા થઈ ગયા છે. અગાઉ આ પ્રથા મર્યાદિત પ્રમાણમાં અમલી થતી રહી હશે પરંતુ એ તો એ વ્યસનની હદે વકરી છે. કથાકારની કથા હોય કે સંતવાણીનો ડાયરો, લગ્ન જેવા ઉજમાળા પ્રસંગની ઉજવણી પર કલાકારોને નોતર્યા હોય કે કોઈ ગ્રામોત્સવ - લોકદેવતા અથવા ગ્રામદેવતા કે કુળદેવીના પ્રસંગે - નોટો બેફામ ઊડતી રહે છે. ઉડાવનાર ગૌરવ અનુભવે છે અને જેના નામે એ ઉડાડાય છે એનું તો પૂછવું જ શું ? ડાયરાના કલાકારોની સાથે આ પ્રથા વિદેશમાં વસતા સૌરાષ્ટ્ર વાસીઓ પર્યંત પહોંચી ગઈ છે. મૂળ ઉદ્દેશ તો ગરીબ કલાકાર - ઢોલી, મીર કે એવાં નાચનારીઓ અને ગાયક-નાયકને મદદરુપ થવાનો હતો. તે સમય સાથે બદલાઈને નવું સ્વરુપ પામ્યો છે. હવે તો એટલા બધા રૂપિયા અને વિદેશી ચલણી નાણાં ઉડાડાય છે કે એની નીચે પેલો ડાયરાનો માતબર ફી લઈને આવેલો કલાકાર ઢંકાઈ જાય છે.

એટલું ઓછું હોય તેમ હવે આવી ચલણી નોટો વડે રાજકીય નેતાઓને પોંખવાની પ્રથા શરૂ થઈ છે. હમણાં કોંગ્રેસ છોડી ભાજપમાં આવી મંત્રી બનેલા યુવાન નેતા પર આવો ચલણી નોટોનો વરસાદ થયો અને એની નીચે રાફડા તમળે કોઈ ઋષિ દડાઈ ગયા હોય એમ એ દટાઈ ગયા ! આને ગૌરવ કહીશું કે ઘેલછા ? કાંધલ જાડેજાથી લઈ નરેશ પટેલ - હાર્દિક પટેલ સહિતના રાજકીય આગેવાનો આ પરંપરાને પોષતા થઈ ગયા છે. મોરારિ બાપુ અને અન્ય સંત કથાકારો હાજરીમાં કોથળા ભરી ભરીને નોટોનો વરસાદ વરસાવાતો રહે છે. આવા નાણાંની કોઈએ ગણતરી કરી ખરી ? શું એ રોકડ રકમ એક નંબરની કમાણી હશે ? નાણાં વિભાગ આવું સ્વપ્ને પણ વિચારી શકતી નથી કારણ કે ખુદ મુખ્યમંત્રીઓ અને નાણામંત્રીઓની હાજરીમાં આવા રૂપિયા ઉડાવાતા રહે છે આ પણ આપણા 'આર્થિક વિકાસ'નું જ પ્રમાણ બની રહે તો નવાઈ નહી!

# જિંદગીનું સરવૈયું

ઈશાન ઠક્કર

૭૦-૭૫ વર્ષ નુ આપણું સરેરાશ આયુષ્ય, દરેક વર્ષ માં આશરે ૩૬૫ દિવસ, દરેક દિવસ માં ૨૪ કલાક, દરેક કલાક માં ૬૦ મિનિટ , દરેક મિનિટ માં ૬૦ સેકન્ડ અને દરેક સેકન્ડ માં આવેલી આપણી અનંત પળો.

જિંદગીના છેલ્લા શ્વાસે જો દરેક વ્યકિત હિસાબ લગાવશે તો જાણશે કે સુખ , શાંતિ, સમૃદ્ધિ , સંતોષ, સગવડો અને સંબધોની બાબતોમાં ના તો તે કોઈના થી આગળ નીકળી શક્યો છે કે ના તો કોઈના થી પાછળ રહી ગયો છે. આખી જિંદગી ભલે ઉતાર અને ચઢાવ થી ચાલતી હોય પણ છેલ્લે તો તે બધા માટે સીધી રેખા જ બની જાય છે.

સરખામણી ના બીજ માંથી જ સુખ અને દુઃખ ની ડાળીઓ નીકળે છે અને એ જ ડાળીઓ કોઈક વાર મીઠા તો કોઈક વાર કડવા ફળ આપે છે. કોઈક બાળક નો જન્મ નાનકડી ઓરડી માં થાય છે તો કોઈ બાળક સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ માં જન્મ લે છે, ઓરડીમાં જન્મેલું બાળક ચાર પાંચ દાયકા સુધી પોતાની માં જોડે રેહવાનું સુખ માણે છે તો કદાચ સુપર સ્પેશિયાલીટી માં જન્મેલું બાળક જન્મતા સાથે જ માં રૂપી પડછાયો ગુમાવી બેસે છે. કોઈ બાળક ગામ ની બિસ્માર શાળા માં ભણી ને પણ દેશનો પ્રતિષ્ઠિત નાગરિક બને છે તો કોઈ બાળક પ્રતિષ્ઠિત શાળા માં ભણીને પણ દેશનો મશહૂર ગુનેહગાર બને છે. કોઈ વ્યકિત લગ્ન ન કરીને પણ દેશ દુનિયાનો પ્રેમ જીતી જાણે છે તો કોઈ વ્યકિત અનેક જીવનસાથી બદલીને પણ સાચો પ્રેમ પામી શકતો નથી. સતા અને રૂપિયા થી જગ જીતતો વ્યકિત ઘણી વાર પરિવાર અને સંબંધીઓની લાગણીઓને મેળવી શકતો નથી. કોઈ વૃદ્ધ વ્યકિત ટુંકી બીમારી થી જીવ ગુમાવે છે તો કોઈ વૃદ્ધ વ્યકિત લાંબા સમય માટે જીવતી લાશ બની રહી જાય છે.

દરેક વ્યકિતના જન્મ થી લઈને તેના મૃત્યુ સુધીની સફરનું પુસ્તક જો સંપૂર્ણ વાંચીશું તો માલૂમ પડશે કે આના કરતા તો મારી જીંદગી લાખ ગણી સારી છે પણ આપણે કોઈના જિંદગી રૂપી પુસ્તક ને સંપૂર્ણ વાંચવાને બદલે તેના અમુક પાઠ નું જ પઠન વારંવાર કર્યા કરીએ છીએ અને તેજ વાત આપણાં દુઃખનું મૂળ કારણ બને છે.

આવો જીંદગી ને આપણે ક્રિકેટના ઉદાહરણથી સમજીએ. જિંદગી પણ ક્રિકેટ ના રમત જેવી છે , જો ક્રિકેટ મેચ ને ધ્યાનથી જોશો તો માલૂમ પડશે કે જ્યારે કોઈ બેટ્સમેન કે બોલર આપણી ટીવી સ્ક્રીન પણ આવે ત્યારે ટીવી સ્ક્રીન પર માત્ર તેના આગળના પરફોર્મન્સ ના આંકડા નથી બતાવતા પણ અત્યાર સુધી તેનું પરફોર્મન્સ કેવું હતું, સ્ટ્રાઈક રેટ કેવી હતી , કેટલા ચોગ્ગા છગ્ગા માર્યા, કેટલી વિકેટો લીધી તે બધું જ બતાવે છે. મહાન ક્રિકેટર ના જીવન માં પણ ખરાબ ફોર્મ આવે, ક્યારેક તે પણ શૂન્ય માં આઉટ થાય , ક્યારેક તે પણ ઓવર માં ૩૬ રન આપી દે. કોઈ પ્લેયર કોઈ એક સીરીઝ માં સારું તો કોઈક સીરીઝ માં નબળું પર્ફોર્મ કરે છે પણ એક સારી / ખરાબ મેચ કે સીરીઝ તેનું ભવિષ્ય ભાખતી નથી, જ્યારે તે પ્લેયર રમતમાંથી સન્યાસ લે ત્યારેજ તેની રમતનું સરવૈયુ તેનું પ્રતિબિંબ બને છે.

જિંદગી નું પણ કંઈક આવું જ છે, કોઈકને કોઈક તબ્બકા માં આપણે સારા અને ખરાબ ફોર્મ માંથી પસાર થઈએ છીએ, આપણા જીવન નો કોઈ એક તબ્બકો કદી નિર્ણાયક હોતો નથી, ક્રિકેટ ની રમત માં જેમ થર્ડ અમ્પાયર નો નિર્ણય બધાએ સ્વીકારવો પડે છે એમ આપણાં જીવનના થર્ડ અમ્પાયર આપણાં પોત પોતાના ધર્મના ભગવાન છે. કદાચ નીચે વાળા અમ્પાયર થી ભૂલ થઈ જાય પણ ઉપર વાળા તો સબ દેખતા હે.

આપણે પણ આપણા થર્ડ અમ્પાયર પર ભરોસો રાખીએ અને સ્વીકારીએ કે જીંદગીના સરવૈયા માં તો બધા જ સમાન બનવાના છે તો કદાચ દુઃખ, ઈર્ષા, કામ, ક્રોધ, લોભ અને મોહની જંજાળમાંથી મુક્ત બની સરસ જીવન જીવી શકીશું.

### દિન મહિમા

- ૧૯૭૫ – સોની કંપનીએ બીટામેક્સ વિડિઓકેસેટ રેકોર્ડર (વીસીઆર) રજૂ કર્યું હતું
- ૧૯૯૪ - નેલ્સન મંડેલા, દક્ષિણ આફ્રિકાના પ્રથમ કાળા પ્રમુખ તરીકે નિયુક્ત થયા હતા.

### આજનું ઔષધ

- દિવેલમાં કડવા લીમડાની લીંબોળી નીચોવી, ખૂબ હલાવી, એકરસ કરી ચોપડવાથી પગમાં પડેલાં ચીરા ઝડપથી મટે છે.

### ખડખડાટ

- ટીચર : ધગશ કોને કહેવાય?
ભુરો : આવા આકરા ઉનાળામાં સુટ-બુટ પહેરીને પરણવા જવું અને અગ્નિ ની સાક્ષીએ ૪૫ ડીગ્રીમાં ભાવિ 'વાવાઝોડા' સાથે ફેરા ફરવા એને 'ધગસ' કહેવાય...!!!

### આજનો વોટ્સએપ

- જે લોકો ઈમાનદારીથી મહેનત કરે છે, એના પરિણામની ચિંતા ભગવાન કરે છે.

# માત્ર હમદર્દીનો યાચક થયો માનવ પાસે, શું એ કહેવાની જરુરત છે કે નિષ્ફળતા મળી !

### વિચારયાત્રા

ડો. જય ઓઝા



એક અગત્યની સૂચના-માણસ ખોવાયો છે.કોઈ શોધી આપોને. આજે માણસનો માણસ પરથી જ વિશ્વાસ ઊઠી ગયો છે. આથી જ પરિવારમાં, ઘરમાં માનસની ગેર હાજરી જોવા મળે છે.

દંભ અને સ્વાર્થના તાણાવાણામાં મનુષ્ય પોતે જ એવો તો અટવાયો છે કે હવે આ ચક્રવ્યુહમાંથી બહાર નીકળી શકતો નથી. ચાપલૂસીમાં રત એવો વ્યક્તિ ક્ષણિક સ્વાર્થ માટે કોઈનું બુરું કરતા અચકાતો નથી.

સમય પ્રમાણે અને સંજોગોવશાત તેના સિદ્ધાન્તો બદલાય છે.ક્યારેક દંભી બનીને જોરશોરથી જે પ્રામાણિકતાની વાતો કરતો હોય છે તે જ વ્યક્તિ પોતાના સંતાનના માર્કસ વધારવા માટે શિક્ષકના ઘરે જાય છે.

નબળા માણસને જોઈને સિંહ જેવો બનીને ત્રાડ પાડનારો વ્યક્તિ પોતાનાથી બળુકાને જોઈને બકરી બની જાય છે,તેની જોહુકમી સહન કરી લે છે.સિંહમાંથી શિયાળ બનતા વાર લાગતી નથી.

જે મૂલ્યો નીતિ નિયમો અને સિદ્ધાંતોને ખાતર એક સમયે હો-હા કરી મૂકી હોય તે મૂલ્યોને કોરે મૂકીને છડેચોક કાળાધંધા કરવામાં વ્યક્તિ કોઈ નાનપ અનુભવતો નથી.

ગાડી ચલાવતાં ચલાવતાં મિત્ર સાથે મોબાઈલ પર દેશના કરપ્શન વિશે ગંભીર ચર્ચા કરતા વ્યક્તિને ટ્રાફિક પોલિસ પકડે ત્યારે ૫૦/- આપીને ફરી આગળ વધતો,કરપ્શનની ચર્ચા આગળ ચલાવે છે.

ડબલ ઢોલકી માનસિકતાવાળો આજનો વ્યક્તિ એક સાથે ખૂબ જ સારો અને ખૂબ જ ખરાબ ચહેરાઓ-મ્હોરાઓ લઈને ફરે છે,પરિસ્થિતિ અને સગવડ પ્રમાણે ચહેરા પરથી મ્હોરા બદલાતા રહે છે.

મૃત્યુ પામતા પહેલાં જ મરેલા લોકો પોતાના પ્રેત સાથે જીવે છે. પ્રેમ વફાદારી, ઈમાનદારીની દુનિયાદારી ચલાવે છે. આ બધી ભાવના સાથે તેમનો દૂર-દૂર સુધી કોઈ નાતો નથી, પણ હા એકાદ કલાક સુધી પ્રેમ અને વફાદારી ઉપર ભિન્ન ભિન્ન ઉદાહરણ સાથે પ્રવચન આપી શકે છે. જેમને પોતાના ઉપર શ્રદ્ધા નથી તેઓ પ્રવચન આપવામાં એક્કા હોય છે.

એક એવા મનુષ્યને મળવું છે જે ભાવના,લાગણી,સંવેદના જેવા વેદિયા લાગતા શબ્દો સાથે જીવતો હોય તેને સમજતો હોય. કમનસીબે અત્યારે પ્રેમ ગણતરીબાજ અને આવશ્યકતા મુજબનો થઈ ગયો છે. પ્રેમના ગણિત મંડાય છે.

એક વાત જે પોતાની માટે સાચી હોય તે અન્ય વ્યક્તિ માટે ખોટી બની જાય છે,કારણકે ક્યાક ને ક્યાક ત્યાં તેમનો અહં ઘવાતો હોય છે.

અહીં દુશ્મનો અને મિત્રની વ્યાખ્યા ઝડપથી બદલાઈ રહી છે. એક સમયનો કટ્ટર દુશ્મન કામ પડતા ખાસ મિત્ર બની જાય છે, સ્વાર્થ અને દંભની બોલબાલા સાથે મિત્રતા અને દુશ્મનીની પારાશીશી બદલાઈ જાય છે.

કાર્યક્રમ કોઈનો પણ હોય ફેસબુક પર પોતાનો ફોટો એવી રીતે પોસ્ટ કરવાનો કે જાણે આખો કાર્યક્રમ તે વ્યક્તિમય હોય. વળી કેટલાંક તો એવા મહાનુભાવ હોય છે કે બીજાના કાર્યક્રમમાં સ્વયં આમંત્રિત બનીને આવનાર મહેમાન પાસે પોતાનું પુસ્તક લઈને પહોંચી જશે અને ફોટો પડાવીને રજૂઆત એવી કરશે કે જાણે સમગ્ર કાર્યક્રમ જ તેમના થકી થયો હોય. ઘડીભર તો બીજા દિવસે મહેમાન પણ ફેસબુક પોતાના ફોટા નવાગંતુક સાથે જોઈને અચંબિત થઈ જાય છે,કે હું કાલે ક્યાં અને કોના કાર્યક્રમમાં ગયો હતો ? સોશ્યલ મિડીયા પર લાઈક્સ મેળવવાં માંગતો લોકપ્રિયતા વાંચ્છતા લોકોને કોણ જાણે કેમ એવું લાગતું હશે કે તેમની આ ઘેલછા કોઈને ધ્યાનમાં નથી આવી!! અને હું હાંસીનું પાત્ર તો બનીશ જ નહીં. જલેબી જેવું વ્યક્તિત્વ ધરાવતા માણસો પોતાના કુંડાળામાં જ અટવાતા રહે છે.

બે મિનિટ પહેલા જ જેની સાથે લળી લળીને વાતો થતી હોય તે જ વાત તેના ગયા પછીની બીજી જ ક્ષણે નિંદામાં પરિણમે છે. આપણા મુખમાંથી અસ્ખલિત પ્રવાહે વાણીવિલાસ વહે રાખે છે. આપણી વાણી અસ્પષ્ટ અને વિચારો કઢંગુ સ્વરુપ ધારણ કરી રહ્યું છે.યુસુફ બુકવાલાનું એક મુક્તક અત્યારે યાદ આવે છે.

મેં નદી પાસેથી માંગી હતી નિર્મળતા, મળી,
ફુલ પાસેથી મેં ચાહી હતી કોમળતા, મળી,
માત્ર હમદર્દીનો યાચક થયો માનવ પાસે,
શું એ કહેવાની જરુરત છે કે નિષ્ફળતા મળી !

અને આપ જાણો છો ! આ બધામાં ડરવા જેવું શું છે? ડરવાની વાત એ છે કે હવે આદંભ, સ્વાર્થ, ચાપલૂસી, ડબલઢોલકીપણું માણસમાં એટલી હદ સુધી વિસ્તરી ચૂક્યું છે કે તે પોતે પણ સમજી શકતો નથી કે તેનામાં રહેલો સ્વાર્થી આત્મા ક્યારે શુદ્ધાત્મા પર હાવિ થઈ જાય છે. 'સ્પ્લીટ પર્સોનાલીટી' ધરાવતો આજનો વ્યક્તિ ખૂબ જ ખતરનાક થઈ ગયો છે.

ક્યારે એક વ્યક્તિ તરફ પ્રેમ તો વળી ક્યારેક તે જ વ્યક્તિ પ્રત્યે ઈર્ષ્યા. ક્યારે વફાદારી ક્યારેક ગદ્દારી આ બધુ સહજ થઈ ગયું છે. કોઈ ભેદરેખા નથી રહી.બધુ એ હદે મિશ્રિત થઈ ગયું છે કે સ્વયં પરમાત્માને પણ વર્ગીકરણ કરવાનુ આવે તો ગોથે ચડે.માણાસ એટલો પચરંગી બની ગયો છે કે દંભ અને સ્વાર્થની ટેરેટરી ક્યારે ચાલુ થઈ અને પ્રેમ અને સંવેદનાઓની ભાવનાઓ કયારે પાછળ છુટી ગઈ તે ભાન જ નથી રહેતું.

પણ આપણે આશાવાદી રહેવાનું છે. કવિ અશોક વાજપેયીનું પણ એ જ કહેવું છે. તેમની આ કવિતા આપણે વાંચીએ સમજીએ અને આચરીએ પણ ખરા.

જો બચી શકે તો તે જ બચશે
આપણા બધામાંથી થોડોક અમથો માણસ
જે રોફ સામે નથી કરગરતો
જે ઠગાય છે પણ પ્રેમ કરવાનું મૂકતો નથી
જે દૂધમાં પાણી મેળવતા અચકાય છે.
જે બીજાની ચોપડેલી ખાતા પહેલા બૂજાની સુક્કીનો વિચાર કરે છે.
તે જ થોડોક અમથો માણસ
જે વૃદ્ધ પાસે બેસતા નથી કંટાળતો અને દુનિયાને નરક બનાવી દેવા માટે બીજાને નથી ભાંડતો.
તે જ થોડોક અમથો માણસ
જો બચી શકે તો તે જ બચશે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# જયાંથી લોકોની વિચારવાની શક્તિ પુરી થાય ત્યાંથી મસ્ક વિચારવાનું શરૂ કરે છે

### આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com



દુનિયાભરના લોકોની જીભે આજકાલ જગતના સૌથી મોટા ધનકુબેર એલન મસ્કનું નામ રમે છે. સમાચારો મુજબ મસ્ક ટિવટર હેન્ડલને રૂપિયા ત્રણ લાખ ૩૬ હજાર કરોડની અધધધ થઈ જવાય એટલી રકમ આપી ખરીદવાના છે. મસ્કના આ સોદા પહેલા વર્ષ ૨૦૦૭માં નીમ કોલપર્ગ ક્રેવિસ રોબર્ટસ અને ઈક્વિટી કંપનીઓએ ટેકસાસની એક એનર્જી કંપની ટીએક્સયુને રૂપિયા ત્રણ લાખ ચુમ્માલીસ હજાર કરોડમાં ખરીદી હતી. અમેરિકાના ઈતિહાસમાં મસ્કનો આ બીજો આવડો મોટો ગંજાવર સોદો દર્જ થયો છે. આ તો થઈ એલન મસ્કની તાજેતરમાં લોકોને ખબર પડેલી આર્થિક તાકતની વાત. એલન મસ્ક વિશ્વના સૌથી મોટા ધનાઢ્ય છે અને આર્થિક રીતે અત્યંત સફળ થયા છે એની વિગતોથી દુનિયાના મોટા ભાગના લોકો અવગત છે. પરંતુ એલન મસ્કની સફળતા અને એમણે પ્રાપ્ત કરેલી આર્થિક સંપત્તિ પાછળનો રાઝ શું છે એની બહુ ઓછા લોકોને ખબર છે. લોકો મસ્કના રૂપિયા અને એમની કંપનીઓની સફળતાની ચર્ચા જરૂર કરે છે પણ મસ્કની વિચારશૈલી અને કાર્યશૈલીની કોઈ ચર્ચા થતી નથી. મસ્કની સફળતાના પાયામાં એમના વિચારો અને કાર્ય કરવાની એમની અનોખી પધ્ધતિ રહેલી છે.

મસ્ક આજે જે મુકામ ઉપર છે એ જગતના તમામ અમિરોની વિચારવાની ક્ષમતા સમાપ્ત થઈ જાય એના ઉપરની વાત છે. એલન મસ્ક આ સદીનો સૌથી ક્રાંતિકારી વ્યક્તિ એટલા માટે કહેવાય છે કે, એમણે જગતના ઔદ્યોગિક ક્ષેત્રની પરિભાષા બદલીને તદ્દન નવી રીતે ટેકનોલોજીકલ પરિણામો ખોલ્યા. એમણે પૈસા કમાવવા કરતા વધુ માનવ જાતના ઉજજવળ ભાવિને હંમેશા વિશેષ મહત્ત્વ આપ્યું છે. મસ્ક માટે એવું કહેવાય છે કે, જયાં લોકોની વિચારવાની શક્તિ પુરી થઈ જતી હોય છે ત્યાંથી મસ્ક વિચારવાનું શરૂ કરતા હોય છે. દુનિયાભરના બિઝનેસ ટાયફુન્સ અને પ્રબુધ્ધો કરતા મસ્ક કેવી રીતે અલગ પડે છે એ અભ્યાસનો વિષય છે. મસ્કની કેટલીક વિશેષતાઓ આજના ટેલેન્ટેડ આઈઆઈટીયન્સ, આઈઆઈએમ સ્ટુડન્ટસ અને મલ્ટીનેશનલ કંપનીના સીઈઓઝે સમજીને એમના જીવનમાં ઉતારવા જેવી છે. મસ્ક સેલ્ફ એજ્યુકેશનની થીયરી ઉપર વિશ્વાસ રાખે છે. એ જબરા વાંચક અને વિચારક છે. જે ઉંમરમાં બાળકો સાયકલ માંડ ચલાવતા હોય એવી નવ વર્ષની ઉંમરે મસ્કે એન્સાઈક્લોપિડીયા ઓફ બ્રિટાનિકા આખી વાંચી લીધી હતી. એમને રોકેટ સાયંસનો કક્કો નહતો આવડતો પણ સ્પેસએક્સ રોકેટ બનાવતી કંપની માટે એમણે રોકેટ સાયયંસ એરોથર્મોડાયનેમિક્સ ઓફ ગેસ ટર્બાઈન એન્ડ રોકેટ પ્રપલ્શનના હજારો પુસ્તક વાંચી રોકેટ સાયંસ શીખી લીધુ. ત્યાર પછી સ્પેસએક્સ કંપની ખરીદી એમિરકામાં તહલકો મચાવી દીધો.



મસ્ક દઢપણે એવું માને છે કે, શિક્ષણ માટે શાળા-કોલેજ ઉપર અવલંબિત રહેવું જરૂરી નથી. શાળા કોલેજમાં એક ટકો શિખવાનું હોય છે અને ૯૯ ટકા વ્યક્તિએ જાતે વાંચન અને અનુભવોથી તૈયાર થવાનું હોય છે. એમના કોલેજમેટ નવેદ ફારૂક કહેતા કે, અમે બધા મિત્રો દરેક પરીક્ષા પછી અમારા જવાબો અને મેટર મસ્કના જવાબો સાથે સરખાવતા ત્યારે મસ્કના જવાબ બીજા બધા કરતા એટલા સારા હોય કે કોઈ સરખામણી જ ન થઈ શકે. એમના મિત્રો અગાઉના ટોપર્સ સાથે પણ મસ્કના જવાબો ટેલી કરતા હતા તો એમના કરતાં પણ મસ્કના જવાબો ઘણા સારા લાગતા.

એલન ક્વિક ડિસીશનટેકર છે. એમની ટેસ્લા કાર ફેક્ટરીમાં એકવાર કોઈ અગત્યનું મશીન ખોટકાઈ ગયું. એ વખતે આ મશીનનો પાર્ટ માત્ર ફ્રાન્સમાં બનતો હતો. એમની કંપની વરિષ્ઠ અધિકારીઓએ મસ્કને કહ્યું આપણે ફ્રાન્સની કંપનીને ઓર્ડર આપી દઈએ એકાદ-બે અઠવાડિયામાં એ પાર્ટ આવી જશે. પણ એકાદ-બે સપ્તાહ કારનું ઉત્પાદન બંધ રહે એ મસ્કને ક્યાં મજૂર હતું ? એણે તરત એનું પ્રાઈવેટ જેટ ઓન કર્યું. સીધા ફ્રાન્સ પહોંચી ગયા. સાંજે મશીનનો પુર્જો લઈને પરત આવી ગયા. બીજા દિવસથી કારનું ઉત્પાદન ચાલુ થઈ ગયું. આવો જ એક બીજો કિસ્સો વર્ષ ૨૦૦૬માં બન્યો હતો. મસ્કે ફોલ્કન-વન રોકેટ લોન્ચ કરવા માટે સ્થળ, દિવસ અને સમય નક્કી કર્યો. પરંતુ એ જ અરસામાં ક્ક-યુએસ ગવર્નમેન્ટનું ટાઈન-ફોર રોકેટ લોન્ચ કરવાનું નક્કી થતા મસ્કને અમેરિકન સરકારે ફોલ્કન-વનનું લોન્ચીંગ મુલત્વી રાખવા જણાવ્યું. એમના કરેલા નિર્ણયમાંથી પાછા ફરે એ મસ્ક શેના ?મસ્કે પેસેફિક આઈલેન્ડ ઉપર જરૂરી મંજૂરીની પ્રક્રિયામાંથી પસાર થઈને તેણે સુનિશ્ચિત કરેલા સમયે યુએસ ગવર્નમેન્ટ ટાઈટન-ફોર પહેલા ફોલ્કન-વન લોન્ચ કરી દીધું.

અમેરિકામાં મસ્કના ઘણા મિત્રોએ કહ્યું કે, યાર ઈન્ટરનેટ બેંક નહીં ચાલે. પણ ન કરી શકાય એમાં તો મસ્ક માનતા જ કયાં હતા ? એમણે પે-પાલ એક્ટિવેટ કરી લોકોને અચંબિત કરી નાખ્યા. રોકેટ ખરીદવા મસ્ક રશીયા ગયા. પરંતુ રશીયામાં રોકેટનો ભાવ ઘણો ઉંચો લાગતા અમેરિકા પરત આવી વિચાર્યુ કે, આટલા મોંઘા રોકેટ ખરીદી ન શકું તો કંઈ નહીં, રોકેટનું ઉત્પાદન તો કરી શકીશ ને ? અને પછી સ્પેસએક્સ કંપની અસ્તિત્વમાં આવી. વર્ષ ૨૦૦૩માં ફોર્ડ, શેવોંલેટ, મર્સીડીઝ જેવી એક સદી ઉપરાંતના સમયથી કાર ઉત્પાદન કરતી કંપનીઓનો દબદબો હતો. એ સમયે કાર ઉત્પાદનમાં નવીસવી કંપનીનું આવવું એટલે આત્મઘાતી પગલું જ કહેવાય એમ લોકો કહેતા. મસ્કે વર્ષ ૨૦૦૩માં ખોટમાં ચાલતી ટેસ્લા કાર કંપની ખરીદી લીધી. એણે કાર ઈન્ડસ્ટ્રીની પરિભાષા બદલી નાખી. આજે ટેસ્લા ઓનર હોવું એક ગૌરવની વાત ગણાય છે.

એમના ઔદ્યોગિક ઉત્પાદનોને જોઈએ ત્યારે મસ્કને ફ્યુચરિસ્ટિક એપ્રોચ ધરાવતા રીયલ લાઈફ આર્યન મેન કહેવાનું મન થાય. એમના કેટલાક ઔદ્યોગિક સાહસોની યાદી ઉપર નજર નાખવા જેવી છે. એમની ધ બોરીંગ કંપની અંડર ગ્રાઉન્ડ ટર્નલ્સ બનાવે છે. ૧૦૮૦ કિલોમીટરની ઝડપથી સફર કરી શકાય એવી હાઈપર લુપ ટર્નલ એ બનાવી રહ્યા છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્સીના ક્ષેત્રે ઓપન-એ સાઈ બનાવે છે. મસ્ક સ્ટાર લીંક પ્રોજેક્ટ ઉપર કામ કરી રહ્યા છે. જેમાં ૧૨,૦૦૦ સેટેલાઈટ તારાઓની માફક અવકાશમાં સાંકળ બનાવશે. જેના કારણે દુનયામાં પ્રગાઢ જંગલ હોય હિમાલય જેવા પહાડની ટોચ હોય, સમુદ્રનુ પેટાળ હોય જેવા વિશ્વના કોઈ પણ ખુણે ઈન્ટરનેટની સુવિધા આસાન બની જશે.

મસ્ક જબરજસ્ત હાર્ડવર્કીંગ નેચર ધરાવતા વ્યક્તિ છે. એ ક્યારેય રજા નથી લેતા. જન્મ દિવસ હોય કે કે લગ્ન દિવસ હોય, ક્રિસમસ હોય કે ગુડ ફ્રાઈ-ડે હોય, કોઈ સેલીબ્રેશનમાં એ નથી માનતા. એમના જન્મદિવસે મિત્રો અને સિનિયર ઓફિસર્સ ઉજવણી માટે તૈયારી કરવાના મુડમાં હતા ત્યારે ૨૪ કલાક સળંગ કામ કરીને મસ્કે જન્મદિવસ ઉજવ્યો ત્યારે એમના મિત્રો આશ્ચર્યચકિત થઈ ગયા હતાં. ડિટર્મિનેશન અને હાઈલી કોમ્પિટેટીવ એટિટ્યુડ મસ્કની મુડી છે. મસ્કને ધનાઢ્ય કરતાં પણ એક ક્રાંતિકારી બિઝનેસ ટાયફુન તરીકે ઓળખવા જોઈએ. એમનો એટિટ્યુડ એમની સફળતાનો રાઝ છે.